# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ.

**પરિપત્રઃ-**

વિષયઃ- **શૈક્ષણિક વર્ષઃ૨૦૨૦-૨૧માં પ્રથમ વર્ષ બી.એસસી., વાણિજ્ય, વિનયન તથા અન્ય સ્નાતક કક્ષાના અભ્યાસક્રમ (ગુજરાત રાજ્ય બોર્ડનાં 90% તથા ગુજરાત રાજ્ય બોર્ડ સિવાયનાં અન્ય બોર્ડનાં 10%) બેઠકો પર વિદ્યાર્થીઓની પ્રવેશ પ્રક્રિયા અંગે મુદતમાં વધારો કરવા બાબત.**

સંદર્ભઃ- (૧) અત્રેના પત્ર ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૧૦૧૪/૨૦૨૦-૨૧, તા.૨૦/૦૭/૨૦૨૦.
(૨) અત્રેના પત્ર ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૧૦૧૫/૨૦૨૦-૨૧, તા.૨૦/૦૭/૨૦૨૦.
(૩) રાજ્ય સરકારશ્રીનાં પરિપત્ર ક્રમાંકઃકરન/૧૦૨૦૨૦/૦૯૦૫૨૦૨૦/ખ-૧, તા.૧૭/૦૭/૨૦૨૦

આથી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ/સેલ્ફ ફાઇનાન્સ કોલેજો/માન્ય સંસ્થાઓનાં આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષઃ૨૦૨૦-૨૧ માટે ઉક્ત સંદર્ભ પત્ર-(૧) ના પરિપત્રથી B.Sc. અભ્યાસક્રમ સિવાયનાં વાણિજ્ય, વિનયન તથા અન્ય સ્નાતક(UG) અભ્યાસક્રમો માટે કોલેજ કક્ષાએથી ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા કરવા તથા સંદર્ભ પત્ર-(૨) ના પરિપત્રથી B.Sc. પ્રવેશ પ્રક્રિયા (અન્ય બોર્ડની 10% બેઠકો માટે) તથા વાણિજ્ય, વિનયન તથા અન્ય અભ્યાસક્રમ પ્રવેશ પ્રક્રિયા (અન્ય બોર્ડની 10% બેઠકો માટે) ચાલું વર્ષમાં તા.૩૧/૦૭/૨૦૨૦ સુધી પ્રવેશ પ્રક્રિયા કરવા જણાવેલ હતું.

ઉક્ત વિગતે હાલની કોવીડ-19ની મહામારી અને કોલેજો તથા વિદ્યાર્થીઓની આવેલ રજુઆતો તથા રાજ્ય સરકારશ્રીનાં સંદર્ભ પત્ર-(૩) ધ્યાને લઇ માન.કુલપતિશ્રીનાં આદેશાનુસાર સંદર્ભ-(૧) અને સંદર્ભ-(૨) પત્ર મુજબ અન્ય બોર્ડની 10% બેઠકો ઉપર ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા માટેની મુદત તા.૧૪/૦૮/૨૦૨૦ સુધી લંબાવવામાં આવે છે.

વધુમાં યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોએ B.Sc.(ગુજરાત રાજ્ય બોર્ડ 90% તથા અન્ય બોર્ડ 10%) તથા B.Sc. સિવાયના વાણિજ્ય, વિનયન તથા અન્ય અભ્યાસક્રમો (ગુજરાત રાજ્ય બોર્ડ 90% તથા અન્ય બોર્ડ 10%)ની સમગ્ર પ્રવેશ પ્રક્રિયા તા.૧૪/૦૮/૨૦૨૦ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. વિદ્યાર્થીઓનાં પ્રવેશ અંગેના નિયમો, વિદ્યાર્થીઓનાં પ્રવેશની સંખ્યા (ઇન્ટેક) અને રાજ્ય સરકારશ્રી/યુ.જી.સી. દ્વારા નિયત થયેલ અનામત નીતિ મુજબ જ પ્રવેશ પ્રક્રિયા કરવાની રહેશે. તેમજ સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ/સેલ્ફ ફાઇનાન્સ કોલેજો/માન્ય સંસ્થાઓની મંજુર થયેલ ઇન્ટેકની મર્યાદામાં જ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે. (તા.૩૦/૦૫/૨૦૨૦નો **સ્નાતક અભ્યાસક્રમો અંગે** ઇન્ટેક બાબતનો પરિપત્ર) ઇન્ટેક કેપેસીટીથી વધુ આપવામાં આવેલ પ્રવેશનાં એનરોલમેન્ટ/એનલીસ્ટમેન્ટ/રજીસ્ટ્રેશન સ્વીકારવામાં આવશે નહી અને તે અંગે ઉપસ્થિત થતી તમામ જવાબદારી આચાર્યશ્રી/સંચાલકશ્રીની રહેશે, જેની ખાસ નોંધ લેવી.

- **ઓનલાઇન પ્રવેશ માટેની વેબસાઇટઃ-** (http://www.bknmu.edu.in) ઉપર એડમિશન પોર્ટલમાં દર્શાવેલ લિંક (http://bknmuadm.icrp.in)→college registration and merit

**કા.કુલસચિવ**

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૧૦૫૮/૨૦૨૦-૨૧
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનિક કેમ્પસ, બિલખા રોડ, ખડીયા-જૂનાગઢ.
તા.૨૪/૦૭/૨૦૨૦

- પ્રતિ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોનાં આચાર્યશ્રીઓ તરફ.....

**નકલ સાદર રવાનાઃ-**
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી.

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થેઃ**
(૧) પરીક્ષા વિભાગ.
(૨) આઇ.ટી.સેલ વિભાગ (વેબસાઇટ ઉપર પ્રસિદ્ધ થવા અર્થે.)

COVID 19 ની મહામારીને અનુલક્ષીને રાજ્યની કોલેજ/યુનિવર્સિટી માટેની પરીક્ષાઓનું આયોજન કરવા, આગામી શૈક્ષણિક વર્ષની પ્રવેશ પ્રક્રિયા અને શૈક્ષણિક કાર્ય શરૂ કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
પરિપત્ર ક્રમાંક: કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ-૧
સચિવાલય, ગાંધીનગર
તા.૧૭/૦૭/૨૦૨૦

વંચાણે લીધા:-

૧. શિક્ષણ વિભાગનો તા.૨૪/૦૫/૨૦૨૦નો સરખા ક્રમાંકનો ઠરાવ.

પરિપત્ર:-

વિભાગ દ્વારા ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક-૧ના ઠરાવથી રાજ્યની કોલેજ/યુનિવર્સિટી માટેની પરીક્ષાઓનું આયોજન કરવા અને આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ની પ્રવેશ પ્રક્રિયા તથા શૈક્ષણિક કાર્ય શરૂ કરવા સુચનાઓ ઠરાવવામાં આવેલ હતી.

૨. જેના મુદ્દા નં. II Admission Process (પ્રવેશ પ્રક્રિયા)ના પેરા (૧)માં નીચે મુજબ જોગવાઇ કરવામાં આવેલ છે.

*II Admission Process (પ્રવેશ પ્રક્રિયા)*

*૧. ACPC Admission સિવાયના તમામ અભ્યાસક્રમોની પ્રવેશ પ્રક્રિયા તા.૧૫/૦૬/૨૦૨૦થી શરૂ કરવાની રહેશે. પ્રવેશ માટે ઉપલબ્ધ કુલ Seats પૈકી ૯૦% Seats પર હાલમાં પ્રવેશ આપવામાં આવશે, જ્યારે બાકી રહેલી ૧૦% Seats માટે અલાયદી રીતે ઓગષ્ટ – ૨૦૨૦માં CBSE તથા અન્ય બોર્ડના પરિણામો જાહેર થયા બાદ પ્રવેશ પ્રક્રિયા કરવાની રહેશે. આ ૧૦% Seatsમાં તમામ બોર્ડના વિદ્યાર્થીઓની મેરીટ યાદી બનાવવાની રહેશે અને તેઓને આવરી લેવામાં આવશે.*

૩. હાલમાં CBSE તથા અન્ય બોર્ડના પરિણામ જાહેર થયા હોવાથી ઉક્ત બાકી રહેલ ૧૦% Seatsમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવા આથી સુચના આપવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સહી)
( રોનક મહેતા )
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

---

ક્રમાંક: ISC-7/૨૦/યુનિ./૧૯૦૧૫-૨૬
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
બ્લોક નં. ૧૨, ડૉ. જી. મ. ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા. ૨૭/૦૭/૨૦૨૦

૨/– શિક્ષણ વિભાગ,ગાંધીનગરના ઉક્ત તા.૧૭/૦૭/૨૦ ના પરિપત્ર ક્રમાંક:કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ–૨ થી આપવામાં આવેલ સુચનાઓ ધ્યાને લેવા સારૂ

(સહી)
નાયબ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગાંધીનગર

પ્રતિ,

- કુલપતિશ્રી, તમામ સરકારી યુનિવર્સિટીઓ
- હુકમ ફાઈલે

Scanned with CamScanner